# Press Statement on reports about Pakistan transferring the management and maintenance of the Holy Gurudwara Kartarpur Sahib

November 05, 2020

## પાકિસ્તાન દ્વારા પવિત્ર ગુરુદ્વારા કરતારપુર સાહિબનાં વ્યવસ્થાપન અને જાળવણી ટ્રાન્સફર કરવા અંગેનાં અહેવાલો પર પ્રેસ સ્ટેટમેન્ટ

નવેમ્બર 05, 2020

અમે પાકિસ્તાન દ્વારા પવિત્ર ગુરુદ્વારા કરતારપુર સાહિબનાં વ્યવસ્થાપન અને જાળવણી લઘુમતિ શીખ સમુદાય દ્વારા સંચાલીત સંસ્થા એવી પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધક કમિટી (પીએસજીપીએ) પાસેથી દૂર કરીને બિન-શીખ સંસ્થા ઈવેક્યુઇ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડનાં વ્યવસ્થાપન નિયંત્રણમાં ટ્રાન્સફર કરવા અંગેનાં અહેવાલો જોયા છે.

પાકિસ્તાન દ્વારા લેવામાં આવેલો આ એકપક્ષીય નિર્ણય અત્યંત નિંદનીય છે અને વિશાળ શીખ સમુદાયની ધાર્મિક લાગણીઓ તરીકે પણ રહેલી કરતારપુર સાહિબ કોરિડોરની ભાવના સામે જઈ રહ્યો છે. અમે પાકિસ્તાનમાં લઘુમતિ શીખ સમુદાયનાં અધિકારોને લક્ષ્યાંકિત કરતા પાકિસ્તાન દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય પર ગંભિર ચિંતા વ્યક્ત કરતા શીખ સમયુદાયનાં પ્રતિનિધિત્વો પ્રાપ્ત કર્યા છે. આવા પગલાઓ માત્ર પાકિસ્તાનની સરકારની વાસ્તવિકતાઓ અને ધાર્મિક લઘુમતી સમુદાયોનાં અધિકારો અને સુખાકારીનું સંવર્ધન અને સંરક્ષણ કરવાનાં તેની નેતાગીરીનાં મોટા દાવાઓ ખુલ્લા પાડે છે. પાકિસ્તાનને પવિત્ર ગુરુદ્વારા કરતારપુર સાહિબની બાબતોનું સંચાલન કરવાનાં શીખ લઘુમતી સમુદાયને તેનાં અધિકારથી વંચિત કરવાનાં તેનાં મનસ્વી નિર્ણયને ફેરવી નાખવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 05, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.